# મોહાલીમાં ભારતનો શાનદાર વિજય

મોહાલી,તા. ૧૮

મોહાલીના પંજાબ ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાયેલી બોર્ડર-ગાવાસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચના પાંચમા દિવસે આજે ભારતે આ ટેસ્ટ મેચ છ વિકેટે જીતી લઈને શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી આની સાથે ભારતે નવો ઈતિહાસ સર્જવામાં પણ સફળતા મેળવી હતી. ઓસ્ટ્રેલિનય ટીમ આજે તેના બીજા દાવમાં ૨૨૩ રન બનાવીને ઓલ આઉટ થઈ ગઈ હતી જેથી ભારતને જીતવા માટે માત્ર ૧૩૩ રનની જરૂર હતી. ભારત તરફથી ધોની ૧૮ રન બનાવીને નોટ આઉટ રહ્યો હતો જ્યારે જાડેજા આઠ રન બનાવીને નોટ આઉટ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી લિયોન, સિડલ અને દોહેર્ટીએ એક એક વિકેટ ઝડપી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયન ટીમ આજે પાંચમા દિવસે કોઈ સંઘર્ષ કરી શક્યુ ન હતુ અને ટીમના બેટ્સમેનો એક પછી એક નિયમિત ગાળામાં આઉટ થયા હતા.

અગાઉ આજે પાંચમા અને છેલ્લા દિવસે ઓસ્ટ્રેલિયાએ નિરાશાજનક દેખાવ કર્યો હતો અને તેના એક પછી એક બેટ્સમેનો ઝડપથી આઉટ થવા લાગ્યા હતા. ગઈકાલે નિરાશાજનક દેખાવ બાદ આજે પણ ઓસ્ટ્રેલિયાના બેટ્સમનો મેદાન પર ટકી શક્યા ન હતા. ટોપ ઓર્ડરના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી યુઝે સૌથી વધુ ૬૯ રન બનાવ્યા હતા. યુઝે ૧૪૭ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. આ ઉપરાંત હેડિને ૩૦ રન કર્યા હતા. છેલ્લે સ્ટાર્કે ૩૫ રન કરીને મેચને સજીવન કરવાના પ્રયાસો કર્યા હતા. ભારત તરફથી તમામ બોલરોએ લાઈન લેન્થ સાથે બોલિંગ કરીને ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોને મેદાન પર ટકવાની તક આપી ન હતી. ભારત તરફથી ભુવનેશ્વર કુમાર અને જાડેજાએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે અશ્વિન અને ઓઝાએ બે-બે વિકેટ ઝડપી હતી. જીતવા માટે ૧૩૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે તેજી સાથે શરૂઆત કરી હતી અને ૯.૨ ઓવરમાં જ ૪૨ રન કરી દીધા હતા. ભારતે સૌથી પહેલા વિજયના રૂપમાં પહેલી વિકેટ ગુમાવી હતી. તે ૩૩ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. જ્યારે પુજારા ૨૮ રન બનાવીને આઉટ થયો હતો. ૧૩૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે પણ ઝડપથી વિકેટો ગુમાવી હતી. જોકે ભારત આ ટેસ્ટ મેચ જીતી લેવામાં સફળ રહ્યુ હતુ. આની સાથે જ ભારતે ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ૩-૦થી જીતી લીધી છે. ભારતે અગાઉની બંને ટેસ્ટ મેચો પણ જંગી અંતરથી જીતી હતી. આ જીતની સાથે મહેન્દ્રસિંહ ધોનીએ પોતાની કેરિયરમાં ભારત તરફથી સૌથી સફળ કેપ્ટનની સિદ્ધિ મેળવી હતી. જો કે સચિન તેન્ડુલકર રેકોર્ડ તોડવામાં સફળ રહ્યો ન હતો. ઓસ્ટ્રેલિયા ભારત સામેની શ્રેણીમાં પ્રથમ વખત ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યુ છે. ક્લાર્કના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાની ટીમમાં તમામ ખેલાડીઓ નવા છે. રિકી પોન્ટિંગ અને માઈક હસી જેવા આધારભૂત બેટ્સમેનો નિવૃત્ત થઈ ચુક્યા છે. ઓસ્ટ્રેલિયાની ટીમ હાલ ફેર નિર્માણના તબક્કામાંથી પસાર થઈ રહી છે. જેથી ટીમ એક પછી એક નિરાશાનો સામનો કરી રહી છે. હવે ચોથી ટેસ્ટ મેચ દિલ્હીમાં શુક્રવારથી શરૂ થશે. માત્ર બેટ્સમેનો ખરાબ ફોર્મમાંથી જ પસાર થઈ રહ્યા નથી બલકે શિસ્તના મામલે પણ ઓસ્ટ્રેલિયાને પીછે હઠનો સામનો કરવો પડી રહ્યો છે. શિસ્તના કારણોસર હાલમાં ચાર બેટ્સમેનોને પડતા મુકવામાં આવ્યા હતા. જેમાં શેન વોટસનનો પણ સમાવેશ થાય છે.



## હેલિકોપ્ટર કાંડમાં ત્યાગી અને અન્યો સામે લૂકઆઉટ નોટિસ

નવી દિલ્હી,તા. ૧૮

હેલિકોપ્ટર સોદાબાજીના મામલામાં તપાસ કરનાર સીબીઆઈએ હવે ભારતીય હવાઈદળના ભૂતપૂર્વ વડા એસ પી ત્યાગી, તેમના ત્રણ સંબંધી અને અન્ય પાંચ લોકો સામે લુકઆઉટ નોટિસ જારી કરી દીધી છે. ૩૬૦૦ કરોડ રૂપિયાના હેલિકોપ્ટર સોદાબાજી કેસમાં તેમના દ્વારા કટીકી મેળવવાના મામલામાં એફઆઈઆરમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોઈપણ એરપોર્ટથી દેશની બહાર આ લોકો ના જાય તેની ખાતરી કરવા લુક આઉટ નોટિસ જારી કરાઈ છે. ત્યાગી, તેમના સંબંધિત સંજીવ ઉર્ફે જુલી, રાજીવ ઉર્ફે ડોકસા અને સંદીપ સામે લુકઆઉટ નોટિસ જારી કરાઈ છે.

આ ઉપરાંત એફઆઈઆરમાં ૧૩ લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ તેમની તપાસ બાદ એવો દાવો કર્યો છે કે



હવાઈદળના ગાળા દરમિયાન ત્યાગીએ ઘણા પ્રશ્નો ઉઠાવે તેવા નિર્ણય કર્યા હતા. એરફોર્સ વીવીઆઈપી હેલિકોપ્ટર માટે સર્વિસ મર્યાદા ૬ હજારથી ઘટાડીને ૪૫૦૦ મીટરની કરી હતી. આ ઉપરાંત પણ ઘણી શરતોને હળવી કરવામાં આવી હતી. એવો આક્ષેપ કરાયો છે કે સર્વિસ મર્યાદામાં ઘટાડો કરવા પાછળ કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. બીડીંગની રજૂઆત માટે જરૂરી ધારાધોરણો પણ પાળવામાં આવ્યા ન હતા. આવનાર દિવસોમાં હેલિકોપ્ટર સોદાબાજીમાં કેટલીક નવી ગિતો ખુલે તેમ માનવામાં આવે છે. એફઆઈઆરમાં અન્ય બે નામ પણ ઉમેરવામાં આવ્યા છે જેમાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સંતોષ બગરોડિયા અને આઈડીએસ ઈન્ફોટેકના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર પ્રતાપ અગ્રવાલનો સમાવેશ થાય છે. ત્યાગીની પૂછપરછ પણ કરવામાં આવી ચૂકી છે. તેમના આવાસ ઉપર દરોડા પણ પાડવામાં આવી ચૂક્યા છે. આવનાર દિવસો ત્યાગી માટે વધુ મુશ્કેલી ભરેલા રહેશે.

## કોલ ઈન્ડિયા લિ.નો ૧૦ ટકા હિસ્સો વેચી દેવાશે

નવી દિલ્હી, તા. ૧૮

સરકાર ૨૦૧૩-૧૪ માટે ડિસઇન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક એક ઝાટકામાં હાંસલ કરવા માટે કોલ ઇન્ડિયા લિ.નો ૧૦ ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. જેનાથી રૂા. ૨૦૦૦૦ કરોડ એકત્ર કરી શકશે. નાણામંત્રાલયે તેની વ્યૂહરચનામાં ફેરફાર કર્યા છે. અને આ દરખાસ્તને મંજૂર કરી રાજકોષીય વર્ષના પ્રારંભ પહેલાં જ કેબિનેટની મંજૂરી માટે મોકલી છે. ૨૦૧૩-૧૪માં અપનાવેલી નીતિ કરતાં આ એકદમ ઊંધુ છે. રાજકોષીય વર્ષમાં સરકારી માલિકીની કંપનીઓના શેર વર્ષના અંતમાં વેચવામાં આવ્યા હતા. પરંતુ વર્ષમાં પ્રારંભથી જ વેચાણ થશે. ડિસઇન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા ઓફર ફોર સેલ અથવા ફોલોઓન પબ્લિક ઓફર દ્વારા થશે.

હાલમાં રૂા. ૨.૦૨ લાખ કરોડ બજારનું મૂલ્ય ધરાવતી કોલ ઇન્ડિયામાં મેગા સેલ બાદ સરકારનો હિસ્સો ૯૦ ટકાથી ઘટીને ૮૦ ટકા થશે. તાજેતરમાં વર્ષમાં કોલ ઇન્ડિયાના ઉત્પાદનમાં સ્થગિતતા આવી ગઇ છે. અને વીજ કંપનીઓએ તેની આકરી ટીકા કરી છે. કારણ કે ઇંધણનો પુરવઠો ન મળવાના કારણે હજારો મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા બિન કાર્યક્ષમ બની છે.

## પ્રથમ મુસ્લિમોનું હિત બાદમાં સરકાર : મુલાયમસિંહ યાદવ

લખનૌ,તા.૧૮

સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ યાદવે રવિવારના રોજ કહ્યું હતું કે, તેમની નજરમાં મુસલમાનોનું હિત પહેલાં છે અને સરકાર બાદમાં છે. તેમણે પ્રદેશમાંથી આતંકવાદના આરોપમાં જેલમાં બંધ કરવામાં આવેલ નિર્દોષ મુસલમાનોને થોડા સમયમાં જ મુક્ત કરવાની જાહેરાત કરી હતી. લખનૌમાં જમીયત ઉલમા એ હિંદ દ્વારા આયોજિત કાર્યક્રમને સંબોધતા મુલાયમસિંહ યાદવે મુસલમાનોને પોતાના સાચા હમદર્દ ગણાવ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, સપા સરકાર બનાવવામાં મુસ્લિમોએ જે સહયોગ આપ્યો હતો અને જે રીતે પાર્ટી પર ભરોસો મૂક્યો હતો તેને સપા સરકાર કદી ભૂલાવી શકશે નહીં. પ્રતાપગઢમાં ડીએસપી ઝિયાઉલ હકની હત્યા, રાજ્યમાં પાછલા વર્ષ દરમિયાન થયેલ રમખાણો અને જામા મસ્જિદના શાહી ઈમામ મૌલાના બુખારી સમાજવાદી પાર્ટી સાથે અલગ થવાની ઘટના બાદ મુલાયમ દ્વારા કરાયેલ આ નિવેદનને અત્યારસુધી સપાને થયેલ રાજનીતિક નુકસાનની ભરપાઈ કરવા માટેની કોશિષના રૂપમાં જોવામાં આવી રહ્યું છે. મુલાયમસિંહે કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સંસદ સડક કે પછી સરકાર, સમાજવાદી પાર્ટી હંમેશા લઘુમતીઓના હિતો માટેની લડાઈ લડતી રહી છે અને આગળ પણ લડતી રહેશે. તેમણે કહ્યું હતું કે, મુસ્લિમોએ તેમને મુખ્યમંત્રી બનાવવા માટે મત આપ્યા હતાં પરંતુ તેમણે પોતાના પુત્ર અખિલેશને મુખ્યમંત્રી એટલા માટે બનાવ્યા કે જેથી તેઓ પોતે દિલ્હીમાં રહીને લઘુમતીઓ માટે અવાજ ઉઠાવી શકે. મૌલાના બુખારી દ્વારા સપા સરકારની ટીકા કરાયા બાદ મુલાયમસિંહે તેમનું નામ લીધા વિના જણાવ્યું હતું કે, મુસલમાનોએ પ્રદેશ સરકારની નીતિ અને નિયતિ બંનેને જોવી જોઈએ. સપા સરકારમાં ૧૧ મુસલમાન મંત્રીઓ છે અનેઅનેક ધારાસભ્યોપણ મુસલમાનો છે. અમારી સરકારે ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ પદે પણ મુસ્લિમ અધિકારીને મૂક્યા છે. આ તમામ લોકોનું મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેમણે મુસ્લિમ સમુદાયને આશ્વાસન આપ્યું હતું કે, પ્રદેશની જેલોમાં બંધ નિર્દોષ મુસ્લિમોની મુક્તિ મામલે સરકાર યોગ્ય પગલા ભરવાની કોશિષ કરી રહી છે.

## ભાજપે રાજ્યસભા જાટ આરક્ષણનો મુદ્દો ઉઠાવ્યો

રાજ્યસભામાં ભાજપના એક સભ્યે જાટ આરક્ષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જાટ આરક્ષણની ગંભીરતા વિશે ગૃહમાં કહ્યું હતું કે, આ મુદ્દાને કારણે વિવિધ રાજ્યોમાં આંદોલન થયા હતા, અને જે તે કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ભાજપના મુખતાર અબ્બાસ નકવીએ આ મુદ્દાની ગંભીરતા વિશે ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, જાટ આરક્ષણને લઈને હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દિલ્હી વગેરે રાજ્યોમાં બે વર્ષ પહેલાં ભારે તોફાનો થયા હતા. આ મુદ્દો શૂન્યકાળ દરમિયાન ઉઠાવવામાં આવ્યો હતો.

નકવીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમણે જાટ આરક્ષણનો મુદ્દો બે વર્ષ પહેલાં સંસદમાં ઉઠાવ્યો હતો. નોંધનીય છે કે આ મુદ્દા પર વિચાર વિમર્શ કરવા માટે મંત્રીમંડળની એક સમિતિ પણ બનાવવામાં આવી હતી. આ મુદ્દે સરકારે આપેલા આશ્વાસન પર તેમણે કહ્યું હતું કે, સરકાર જાટ આરક્ષણ પર આશ્વાસન આપવા સિવાય કંઇ જ કામ કરતી નથી. આ મુદ્દા પર કોઇપણ જાતના પગલાં ભરવામાં આવ્યા નથી. નોંધનીય છે કે આ સમુદાય સાથે જોડાયેલા લોકો ફરી આંદોલન કરવા માટેની વ્યૂહરચના ઘડી રહ્યા છે.

## ૨૦ વધુ આઈઆઈઆઈટી સ્થાપિત કરવા બિલ રજૂ થયુ

**નવી આઇઆઇઆઇટી જાહેર- ખાનગી ભાગીદારીના મોડ પર સ્થાપિત કરવા તૈયારી**

નવી દિલ્હી,તા. ૧૮

દેશમાં વધુ ૨૦ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈઆઈઆઈટી) સ્થાપિત કરવા સાથે સંબંધિત બિલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલમાં ચાર પ્રવર્તમાન સંસ્થાને રાષ્ટ્રીય મહ્તવની સંસ્થા તરીકે જાહેર કરવાની જોગવાઇ પણ કરવામાં આવી ચે. માનવ સંશાધન વિકાસ પ્રધાન એમએમ પલ્લમ રાજુએ કહ્યું હતું કે નવી આઈઆઈઆઈટી સંસ્થા જાહેર-ખાનદી ભાગીદારીના મોડ પર સ્થાપિત કરવામાં આવનાર છે. માહિતી ટેકનોલોજીના ક્ષેત્રમાં વિશ્વ સ્તરના હ્યુમન રિસોર્સ સ્થાપિત કરવાના હેતુથી આ ટોચની સંસ્થા સ્થાપિત કરવામાં આવનાર છે. આ બિલમાં આઈઆઈઆઈટીને વહીવટી સત્તા આપવાની પણ માંગ કરવામાં આવી છે. બિલમાં હાલની ચાર સંસ્થાને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. જેમાં ગ્વાલિયર, અલ્હાબાદ, જબલપુર અને કાંચીપુરમ ખાતે આવેલી સંસ્થાનો સમાવેશ થાય છે. પ્રધાને કહ્યું હતું કે દરેક આઈઆઈઆઈટી સ્થાપિત કરવા પાછળ ખુલ ખર્ચ ૧૨૮ કરોડ રૂપિયા રહી શકે છે. જે પૈકી કેન્દ્ર સરકાર ૫૦ ટકાનો ખર્ચ ઉપાડશે. જ્યારે સંબંદિત રાજ્ય સરકાર આ ખર્ચ પૈકી ૩૫ ટકા ખર્ચની રકમ ઉપાડશે. બાકીની ૧૫ ટકા રકમ ઉદ્યોગ ભાગીદારો દ્વારા ઉપાડવામાં આવશે. અગાઉ કેબિનેટે આ કાયદાને લીલીઝંડી આપી હતી. કેબિનેટે આઈઆઈઆઈટી સ્થાપિત કરવા ભાગીદારો બનાવ પીએસયુને મંજૂરી આપી હતી. હાલમાં આને ડીમ્ડ યુનિવર્સિટીની કેટેગરીમાં મુકવામાં આવી છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે દરેક રાજ્યમાં એક આઈઆઈઆઈટી સ્થાપિત કરવાની યોજના સરકારે બનાવી છે. લોકસભામાં બિલ રજૂ કરવામાં આવ્યા બાદ આવનાર દિવસોમાં ટોચની સંસ્થાઓ સ્થાપિત કરવાની દિશામાં ખાનદી કંપનીઓ અને ઉદ્યોગ ગૃહો આગળ આવે તેવી શક્યતા છે. સરકાર આઈટી ક્ષેત્રમાં વધુને વધુ વિદ્યાર્થીઓ આગળ આવે તેમ ઈચ્છે છે.

## નાગપુરમાં આસારામના કાર્યક્રમ સામે વિરોધ થયો

નાગપુર, તા. ૧૮

સંતશ્રી આસારામ બાપુનો હોળીનો કાર્યક્રમ તાજેતરમાં જ દુષ્કાળ પ્રભાવિત મહારાષ્ટ્ર રાજ્યના નાગપુરમાં ઊજવાયો હતો, જેનો અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

સમિતિના કાર્યકર્તાઓએ હાથમાં કાળા ઝંડા લઈને આસારામ બાપુના આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો. આ કાર્યક્રમ નાગપુરના કસ્તૂરચંદ પાર્કમાં ઊજવાયો હતો. નોંધનીય છે કે આસારામ અને વિવાદ હવે પર્યાય બની ગયા છે.

આ કાર્યક્રમમાં લાખો લિટર પાણીનો વ્યય કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશને પાણી પૂરું પાડ્યું હતું. બાપુના હજારો કાર્યકર્તાઓ કલાકો સુધી આ ખાસ ટેન્કરોની મદદથી બનાવામાં આવેલી પિચકારીથી નહાયા હતા. હોળીની આ ખાસ ઊજવણીમાં ભક્તો પર કલર નાખેલું પાણી છાંટવામાં આવ્યું હતું. ભક્તોએ એકબીજા પર અબીલ ગુલાલ ઉડાડ્યો હતો. અને એકબીજાને કલર પણ લગાડ્યો હતો. તો કેટલીક જગ્યાએ પરંપરાગત નૃત્યો પણ કરવામાં આવ્યા હતા.

## એન્ટી રેપિંગ બિલના મામલામાં સર્વપક્ષીય મિટિંગ નિષ્ફળ

નવી દિલ્હી,તા. ૧૮

એન્ટી રેપિગ બિલના મામલે સર્વસમંતિ સાધવા આજે સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય મિટિંગ નિષ્ફળ ગઈ હતી. મોટાભાગના રાજકીય પક્ષોએ મંજુરી સાથે સેક્સ માટેની વય ઘટાડીને ૧૬ કરવાને લઈને વાંધો ઉઠાવ્યો હતો સાથે સાથે સૂચિત કાયદાના દૂરુપયોગ સામે જોગવાઈ કરવાની જોરદાર માંગ કરી હતી. સેક્સ માટે મંજુરીની વય ૧૬ વર્ષ કરવાના પોતાના નિર્ણયને કેન્દ્ર સરકાર હવે પરત ખેંચી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકારે સૂચિત એન્ટી રેપિંગ બિલ સંમતિ સાથે સેક્સની વય ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ કરવાનો નિર્ણય કર્યો છે પરંતુ આ મુદ્દે ઘણા રાજકીય પક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. સર્વપક્ષીય બેઠકમાં પણ કોઈ સર્વસમતિ થઈ શકી ન હતી ત્યારબાદ કેન્દ્ર સરકાર બિલમાથી આ જોગવાઈને દૂર કરવાની તૈયારી કરી રહી છે. સૂત્રોનું કહેવુંછે કે સરકાર સૂચિત એન્ટી રેપિંગ બિલથી યુવતિઓની સામે જોવાની બાબતને અપરાધ ગણવાની જોગવાઈનેપણ દૂર કરવા માટે તૈયાર થઈ ગઈ છે. આ બિલ આવતીકાલે ૧૨ વાગે લોકસભામાં રજુ કરવામાં આવશે. અત્રે નોંધનિય છે કે એન્ટી રેપિંગ બિલને લઈને સર્વપક્ષીય બેઠકમાં વિરોધ પક્ષોએ કહ્યુ હતુ કે સંમતિ સાથે સેક્સ માટેની વયને ૧૮ વર્ષ જ રાખવામાં આવે તે જરૂરી છે. આના પર સરકારે તમામ પક્ષોને ખાતરી આપી છે કે તે આ મામલે વિચારણા કરશે. નવેસરથી ચકાસણી





કરવામાં આવી રહી છે. વિપક્ષે બીજી એવી માંગણી કરી હતી કે સરકાર યુવતિઓને નિહાળવાને ગુના તરીકે ગણવાની જોગવાઈને પણ દૂર કરે તે જરૂરી છે. યુવતિઓને નિહાળવાની જોગવાઈમાં બિનજામીન પાત્ર અપરાધની વાત કરવામાં આવી હતી. આને બિલથી દૂર રાખવા ઘણારાજકીય પક્ષોએ રજુઆત કરી હતી કારણ કે આનાથી તેના દુરુપયોગની શક્યતા વધી ગઈ છે. આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે આ બિલને લોકસભામાં રજુ કરવામાં આવશે. હકીકતમાં વર્તમાન કાયદા મુજબ જો ૧૬ વર્ષની યુવતિ સાથે સંમતિથી પણ સેક્સ સંબંધ બાધવામાં આવે છે તો યુવક પર બળાત્કારનો કેસ ચાલે છે કારણ કે ૧૬ વર્ષની કિશોરીના કોઈ મતલબ હોતા નથી.

યુવતિની સંમતિના આધાર પર સંબંધ બનાવવાની મર્યાદામાં રાહત એ જ વખતે મળી શકે છે જ્યારે તેની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષની કરવામાં આવે. સરકારે સૂચિત એન્ટી રેપિંગ કાયદામાં સંમતિની વય ૧૮થી ઘટાડીને ૧૬ કરવાનો નિર્ણય કર્યોહતો પરંતુ ઘણા પક્ષોએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજપાર્ટી, આરએસએસ દ્વારા પણ આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સરકાર બિલમાંથી જોગવાઈ દૂર કરી આ સત્રમાં પાસ કરાઈ લેવાની ઈચ્છા ધરાવે છે. આજે સર્વપક્ષીય મિટિંગ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે મોટાભાગે બિલ પર સંમતિ છે. માત્ર કેટલીક જોગવાઈના દુરુપયોગને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. ભાજપ, સમાજવાદી પાર્ટી, અન્ય પક્ષોએ એવી માંગ કરી હતી કે મંજુરી સાથે સેકસની વય ૧૮ વર્ષ જ રાખવામાં આવે તેની ઘટાડીને ૧૬ વર્ષ કરવામાં ન આવે. રાજકીય પક્ષોની એવી દલીલ હતી કે લગ્નની વય ૧૮ વર્ષની છે જેથી સંમતિ સાથે સેક્સની વય પણ ૧૮ હોવી જોઈએ. કમલનાથે કહ્યુ છે કે સરકાર બિલમાં જરૂરી સત્તાવાર સુધારા કરવા માટે તૈયાર છે. આ બિલ હવે આવતીકાલે લોકસભામાં રજુ કરવામાં આવી શકે છે.

## સમાચાર ઝલક

- શ્રીલંકાના માનવ અધિકારના મુદ્દે તંગદિલી સર્જાઇ, સરકાર ભીંસમાં, ચેન્નાઇમાં પ્રદર્શન.
- બળાત્કાર બાબતમાં રાજનીતિ રમવી ના જોઇએ : મુખ્યમંત્રી શિવરાજસિંહ
- પાણીનાં દુરપયોગ માટે આશારામ બાપુને નોટીસ.
- આગ્રામાં વિદ્યાર્થીઓની હત્યાથી પરીક્ષાનો બહિષ્કાર.
- મુંબઇમાં ૧ રૂપિયાની લેવડદેવડમાં સફાઇ કામદાર પર હુમલો.
- ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પક્ષનાં કાર્યકરો પર બળાત્કાર-હત્યાના આરોપો વધુ પ્રમાણમાં.
- સાઇપ્રસમાં બચત ખાતા પર ટેક્સ નંખાયો.
- ભારત વિશ્વમાં ઉત્પાદન દેશમાં પાંચમા ક્રમે.
- આરાધ્યા બચ્ચન ગાયત્રીમંત્ર શીખવા પ્રયત્નો કરે છે.
- ઇરાકના બસરા શહેરમાં કારબોંબ ધડાકાથી ૧૦ વ્યક્તિઓનાં મોત.
- અમદાવાદની બ્લડ બેંકો બ્લડનો ધંધો કરતી હોવાની હાઇકોર્ટમાં અપીલ.
- પાકિસ્તાનના પેશાવરમાં બોંબ વિસ્ફોટથી ૩ વ્યક્તિનાં મૃત્યુ.
- રાજયભરમાં તસ્કર ટોળકીયોનો તરખાટ.
- પંજાબમાં પોલીસવાનને ટક્કર, છ પોલીસ કર્મીઓનાં મોત.

## રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં પાનસિંહ તોમર અને કહાની ફિલ્મની બોલબાલા

નવી દિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડની આજે જાહેરાત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં પાનસિંહ તોમર અને કહાની ફિલ્મની બોલબાલા રહી હતી. રાષ્ટ્રીય એવોર્ડ કાર્યક્રમમાં શ્રેષ્ઠ અભિનેતા માટેનો એવોર્ડ પાનસિંહ તોમર ફિલ્મમાં ભૂમિકા બદલ ઈરફાનખાને જીત્યો હતો. ઈરફાન ખાનની સાથે મરાઠી ફિલ્મ અનુમતિ માટે શ્રેષ્ઠ ભૂમિકા કરવા બદલ વિક્રમ ગોખલેએ સંયુક્તરીતે આ એવોર્ડ જીત્યો હતો. મરાઠીમા ધાગ ફિલ્મ બદલ ઉષા જાદવે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો. ફિલ્મ નિર્માતા બાસુ ચેટર્જી, અરૂણા રાધે, સ્વપ્ર મૌલિક દ્વારા એવોર્ડની જાહેરાત કરાઈ હતી. ફિલ્મ કેટેગરીમાં ૧૪ ભાષાની કુલ ૩૮ ફિલ્મ હતી. હિન્દી ફિલ્મ ચિંતાગોંગ અને મલયાલમ ફિલ્મ શ્રેષ્ઠ ફિલ્મ માટેની દોડમાં રહી હતી. શ્રેષ્ઠ લિડરશીપનો એવોર્ડ શિવાજી લોટને જીત્યો હતો.

અન્ય તમામ કાર્યક્રમોમાં ધારણા પ્રમાણે જ સફળતા મેળવી





હતી. ભારતીય સિનેમાના ઈતિહાસમાં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડને સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ તરીકે ગણવામાં આવે છે. મનોરંજન અને અન્ય જુદા જુદા વર્ગમાં આ એવોર્ડ એનાયત કરવા માટે આ વર્ષે નેશનલ ફિલ્મ એવોર્ડ દ્વારા જે કલાકારોની પસંદગી કરવામાં આવી હતી તેમાં લોકોના અભિપ્રાય પણ ધ્યાનમાં લેવાયા હતા. પાનસિંહ તોમરમાં શ્રેષ્ઠ ભૂમિકા બદલ ઈરફાન ખાનની ભારે પ્રશંસા થઈ હતી. સામાજિક ભૂમિકાઓ પર આધારિત શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મલિયાલમ ફિલ્મે જીત્યો હતો જ્યારે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ અન્નુ કપુરે જીત્યો હતો. વિકી ડોનરમાં ભૂમિકા બદલ ડોલી અહાલુવાલિયાએ શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો. બેસ્ટ ઓરિજનલ સ્ક્રીન પ્લે માટેનો એવોર્ડ સુજોય ઘોસે કહાની ફિલ્મ માટે જીત્યો હતો. બેસ્ટ સ્ક્રીન પ્લેનો એવોર્ડ ઓ માય ગોડે જીત્યો હતો. જ્યારે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેની પસંદગીમાં મરાઠી ફિલ્મ ધાગ બદલ ઉષા જાદવે જીત્યો હતો. સ્પેશિયલ જ્યુરી એવોર્ડ અભિનેત્રીના વર્ગમાં પરિણીતિ ચોપડાએ જીત્યો હતો. જ્યારે ચાર ફિલ્મો બદલ નવાઝુદીન સિદિકીને સ્પેશિયલ જ્યુરી એવોર્ડ અભિનેતાના વર્ગમાં મળ્યો હતો. પુરુષોના વર્ગમાં ગાયક માટેનો એવોર્ડ શંકર મહાદેવનને જીત્યો હતો જ્યારે ગાયિકા માટેનો એવોર્ડ મરાઠી ફિલ્મ સાહિતા બદલ આરતી અંકલેકરે જીત્યો હતો. ઈરફાન ખાને જણાવ્યું હતુ કે પાનસિંહ તોમર એક શ્રેષ્ઠ ફિલ્મ હતી. આ ફિલ્મથી તે ખૂબજ પ્રભાવિત હતો. તેની ફેવરીટ ફિલ્મો પૈકી તરીકેની એક ફિલ્મ ગણે છે.